નવી પસંદગી સમિતિ (Selection Committee)ની રચના ન થાય ત્યાં સુધી ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૧ના નિયમ-૯૨ હેઠળ રચાયેલ પસંદગી સમિતિની કામગીરી ચાલુ રાખવા બાબત.

.......................................................

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૬૧૨૯૨૫/છ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૧૭/૧૨/૨૦૧૮.**

વંચાણે લીધાઃ

(૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીએસસીપીએસ/૩૫/૨૦૧૮-૧૯/૪૦૦૯, તા.૨૨/૧૦/૨૦૧૮.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૧/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૨૫/૦૫/૨૦૧૫.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના જાહેરનામા ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૧/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૨૫/૦૫/૨૦૧૫.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના જાહેરનામા ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૧/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૩૧/૧૨/૨૦૧૫.

<u>પ્રસ્તાવના:</u>

જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૦૦ હેઠળ રચવામાં આવેલ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૧ના નિયમ-૯૨ હેઠળ પસંદગી સમિતિ (Selection Committee)ની રચના કરવાની જોગવાઇ કરવામાં આવેલ તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ના ઠરાવથી પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ. વિભાગના વંચાણે

લીધેલ ક્રમાંક: (૩) અને (૪)ના જાહેરનામાથી અનુક્રમે પસંદગી સમિતિના અધ્યક્ષશ્રી અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓની સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવેલ.

<u>ઠરાવ:</u>

ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ હેઠળ ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) મોડલ રૂલ્સ, ૨૦૧૬ના નિયમ-૮૭ પ્રમાણે રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા ત્રણ વર્ષ માટે પસંદગી સમિતિ (Selection Committee)ની રચના કરશે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના તા.૨૨/૧૦/૨૦૧૮ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૦૦ હેઠળ રચવામાં આવેલ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૧ના નિયમ-૯૨ હેઠળ રચના કરવામાં આવેલ પસંદગી સમિતિની મુદત તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ પૂર્ણ થતી હોઇ નવી પસંદગી સમિતિની રચના કરવા અથવા નવી પસંદગી સમિતિની રચના ન થાય ત્યાં સુધી હાલની પસંદગી સમિતિની કામગીરી ચાલુ રાખવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નવી પસંદગી સમિતિની રચના ન થાય ત્યાં સુધી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ના ઠરાવ તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૩) અને (૪)ના જાહેરનામા મુજબની હાલની પસંદગી સમિતિ (Selection Committee)ની કામગીરી આથી ચાલુ રાખવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સર્વે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતઃ નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા. ન્યા. અને અધિ. વિભાગ. વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ.

---

* પત્ર દ્વારા.